ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધિનગર (સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, ગુ. રા.) સ્થાપિત
અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન", બાલાણી હોસ્પીટલ, પહેલો માળ, સોલંકી રેસ્ટોરન્ટની બાજુમાં,
સંસ્કાર મંડળ – રામમંત્ર રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨

8866570111 krcscbvn@gmail.com krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date: 28th May, 2025

પ્રતિ,
તંત્રી શ્રી,
જય વિજ્ઞાન,

પર્યાવરણની સુધારણા અને સંભાળ એ આપણી સૌ ની સહિયારી જવાબદારી છે, ૩૦ મે-શુક્રવાર

## મહુવા-ભવાની દરિયા કિનારા સફાઈ ડ્રાઈવમાં જોડવા

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, GEMI Gandhinagar અને મહુવા પ્રસાશનનું અહવાન.

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિક વિભાગ (DST) ના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત રાજ્યના પ્રત્યેક જીલ્લાઓમાં જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં પ્રાદેશિક કક્ષાનું 'કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર' વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

5 જૂન 2025 – દર વર્ષે 5 જૂને ઉજવાતા વિશ્વ પર્યાવરણ દિવસનો હેતુ પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા માટે જનજાગૃતિ વધારવાનો છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા શરૂ કરાયેલો આ દિવસ દુનિયાભરમાં પર્યાવરણીય મુદ્દાઓ પર વિચારવિમર્શ અને ક્રિયાપ્રતિક્રિયા માટેનો સૌથી મોટો પ્લેટફોર્મ બની ગયો છે.

આ વર્ષે 2025ના પર્યાવરણ દિવસની થીમ છે **"પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત - સૃજનશીલ ઉકેલો માટેનું આહવાન"** (Beat Plastic Pollution – Call for Creative Solutions). આ થીમ અંતર્ગત એકવખત વપરાતા પ્લાસ્ટિકના ઉપયોગને ઘટાડવા, પુનઃઉપયોગ અને રિસાયકલિંગને પ્રોત્સાહન આપવા માટે વૈશ્વિક સ્તરે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જે અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસના દિવસની ઉજવણીના ભાગ રૂપે તા.૩૦-૦૫-૨૦૨૫ ને શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ કલાક થી બપોરે ૧ કલાક દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટીટ્યુટ(GEMI), ગાંધીનગરના અને મહુવા પ્રસાશન દ્વારા ભવાની મંદિર દરિયા કિનારાને પ્લાસ્ટિક ફ્રિ બનાવવના ઉદ્દેશ્યથી દરિયા કિનારા સફાઈનું આયોજન કરવામાં આવનાર છે.

આ દરિયા કિનારા સફાઈ ડ્રાઈવમાં ૧૨ વર્ષ કે તેથી મોટી ઉંમરના શારીરિક સ્વસ્થ વ્યક્તિ જોડાઈ શકશે. પર્યાવરણની સુધારણા અને સંભાળ એ આપણી સૌ ની સહિયારી જવાબદારી છે, માટે સફાઈ ડ્રાઈવમાં જોડવા ઈચ્છતા પર્યાવરણ પ્રેમીઓને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, GEMI અને મહુવા પ્રસાશન દ્વારા જણાવેલ તારીખ અને સમયે હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

વિગતો માટે **www.krcscbhavnagar.org** અથવા **8866570111 WhatsApp** દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનો સંપર્ક કરી શકાશે.

(શ્રી હર્ષદ જોષી)
જીલ્લા કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.